# માલી તહારત અને ઝાતી શરાફતનો તરીકો
# -: ઝકાત :-

ઝકાતનો લફઝી મતલબ ચોખ્ખાઇ અને તહારતનો છે. અરબી લફઝ "ઝક્કા" અને "તઝક્કા" ની સમઝ ચોખ્ખું થાવું, પાક થાવું, સાફ થાવું અને ગલાઝત તેમજ ગંદકીથી મુબર્રા અને આઝાદ થાવું છે. અલ્લાહતઆલાએ નમાઝના ફરઝ સાથે ઝકાતની અદાયેગીને જોડેલી છે અને કુરઆનમાં આ મફહૂમની આયતો આવેલી છે. કુરઆનમાં ઝકાતને બીજા અલફાઝથી પણ તાઅબીર કરવામાં આવેલી છે, જેમકે "સદકા" યા "મિન અમ્વાલેહિમ". ઝકાતની અદાયેગી સાહબે હક્કની હઝરતમાં એક મુકર્રરશુદા ગિન્તીના કાનૂનને માતહત શહરૂલ્લાહમાં જ થાય. આ સિવાય પૂરા સાલ દરમિયાન દૌલતમાંથી જે સખાવત, ઇમ્દાદ, ખૈરાત, સબીલુલ બરકાત યા બીજા ભલાઇના કામોમાં રકમ ખર્ચાય તે સદકો કહેવાય. સદકો આપવાનો કોઇ વક્ત યા કોઇ ગિન્તી હોતી નથી અને તે ઝકાતમાં હરગિઝ શુમાર ન થાય. કુરઆને કરીમના બયાન મુજબ રોકડ રકમ-નકદ, સોના-ચાંદી, ઢોર-ચોપાયા અને ઝમીન-અનાજમાંથી ઝકાતની અદાયેગી થાવી જોઇએ.

અલ્લાહતઆલાએ રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ના ઝમાનમાં મુસલમાનો પર શહરૂલ્લાહની વાજેબાત ફરઝ કીધી અને આપે તમામ ઈલાકાઓ-શહેરોમાં જ્યાં જ્યાં મુસલમાનોની આબાદી હતી, આપના વફાદાર અસ્હાબોને કુરઆની અહકામ મુજબ લોગો પાસેથી ઝકાત તલબ કરવા મોકલા. આપે મૌલા અલી (અ.સ.) ને યમનના કાઝી બનાવીને મોકલા તો અલી મુશ્કિલકુશાએ લોગોને સવાલ કીધો કે, "અય લોગો ! તમેં તમારા માલની ઝકાત અદા કીધી છે કે નહીં ! **શહરૂલ્લાહમાં ઝકાતને અદા કરીને તમેં તમારા માલો મતાઅને એક મઝબૂત કિલ્લો બનાવીને ઘેરી લો તેમજ આગ, પાની, ઝલઝલો, ચોરી, દગાબાઝી અને નુકસાનથી તમારી માલ-મિલકીયત ને મેહફૂઝ કરી લો, ફના થાવાથી બચાવી લો."**

**શહરૂલ્લાહમાં ઝકાતને અદા કરીને તમેં તમારા માલો મતાઅને એક મઝબૂત કિલ્લો બનાવીને ઘેરી લો તેમજ આગ, પાની, ઝલઝલો, ચોરી, દગાબાઝી અને નુકસાનથી તમારી માલ-મિલકીયત ને મેહફૂઝ કરી લો, ફના થાવાથી બચાવી લો.**

કિતાબુલ્લાહમાં ઝકાતના માલને તકસીમ કરવાના રસ્તાઓનું અને હક્કદારોને એની અદાયેગી વાસ્તે સાફ-સાફ બયાન આવેલું છે, અને એને તકસીમ કરવાનો કુલ્લી ઈખ્તિયાર આપ (સ.અ.વ.વ.) ને સિપુર્દ કીધેલો છે. એ તમામ હક્કદારોમાં જેને ઝકાતના માલ માંથી હિસ્સો મીલે તે દાઅવતના ધણી (નબી, વસી, ઇમામ યા નાઇબે ઇમામ) તરફથી લોગો માંથી ઝકાત ઉઘરાવનાર શખ્સની ઝિક્ર પણ કિતાબુલ્લાહમાં મૌજૂદ છે. તેથી સાબિત થયું કે કોઇ પણ ઝમાન હોય, આ ઝમીન પર અલ્લાહના હુજ્જત જે અલ્લાહ તરફથી નસ્સે જલી અને ખફીથી કાઇમ થયા હોય એના તરફથી મુમેનીન દરમિયાન ઝકાત ઉઘરાવનાર શખ્સ જાતા હતા. યાઅની કે ઝકાત ઉઘરાવવાનો યા તેને હક્કદારોમાં તકસીમ કરવાનો હક્ક અલ્લાહતઆલાએ ઉમ્મતના લોગોના હાથમાં રાખો નથી યા તેને પોતાના ઈખ્તિયાર મુજબ તકસીમ કરવાની છૂટ આપી નથી. જો લોગોને ખુદ ઝકાત આપવું ફરઝ હોય, તો શું તેમને ઝકાત તકસીમ કરવાનો ઈખ્તેયાર હોય શકે ? જો અગર તમામ લોગો પોત-પોતાની પસંદગી, ઈખ્તિયાર અને મનમાની મુજબ ઝકાત નીકાલે અને તકસીમ કરે તો કૌન શખ્સે કયા હક્કદારને કેટલી ઝકાત આપી એ વાસ્તે એક મોટો મસઅલો પૈદા થાય અને ઉલઝનના સબબ ગૈર લોગો તરફ ઝકાત ચાલી જાય.

દાઅવતે હાદીયાહના કિતાબોમાં ઝકાતના કૌન હક્કદાર છે, કઇ હાલતમાં તે અપાય અને કયા તરીકાથી તકસીમ થાય એનું તાવીલી બાતેની બયાન આવેલું છે, જેમાં ખાસ તવજ્જોહ અને મરકઝીયત દાઅવતના દાએરાને અને ઈમામતના અમરને કવી-મઝબૂત કરવા પર આપવામાં આવી છે. ઈલાહી ફરમાન મુજબ ઝકાત નીકાલનાર પોતાની શરઇ-ઈમાની ફરઝ અને મઝહબી હુકમને સરે તસ્લીમ કરીને દસ્તબરદાર થઇ જાય અને પોતાના રાઝિકની ખુશીનો મુસ્તહિક્ક બને. ઝકાત અદા કરવામાં જે અજરો સવાબ છે અને જે વાઅદએ ખુદાવંદી છે તે વાસ્તે નવાઝિશ અને ઈનાયત અલ્લાહતઆલા પર છોડી દે. **મુમિન જેટલી ઇમાનદારી અને વફાદારી ઝકાતને નીકાલવામાં કરશે એટલો બદલો એને ઝરૂર મીલશે.** ઝકાત નીકાલા બાદ એ કહાઁ જાય છે એની ફિક્ર કરે નહીં અને ઝકાત લેનાર સાહબ પર ગલત તોહમત, ઈલ્ઝામ અને બોહતાન મુકે નહીં. ઈમામે આલે મોહંમદ (સ.અ.વ.વ.) માઅસૂમ હોય છે અને તેમના નાઇબ-દાઈએ હક્ક કલ-માઅસૂમ હોય છે અને અલ્લાહતઆલાએ આ જ સાહબો પર ઝકાતને તકસીમ કરવાનું ફરમાન નાઝિલ કીધેલું છે. તો આ પરથી એ ચીઝ સાફ થાય છે કે, ઝકાતને કઇ જગા ઇસ્તેઅમાલ કરવી એ અમર અલ્લાહ અને એના હુજ્જત યાઅની ઈમામે હક્કને દરમિયાન છે, જેમાં અદલે ઈલાહી મુજબ કોઇ વક્ત ખયાનત થાતી નથી.

**મુમિન જેટલી ઈમાનદારી અને વફાદારી ઝકાતને નીકાલવામાં કરશે એટલો બદલો એને ઝરૂર મીલશે.**

જમાઅતના અકસર મુમેનીન શહરૂલ્લાહમાં જે કઇ વાજેબાત અદા કરે છે, તેમાં ઘણા જ કમ મુમેનીનની ઝકાતુલ માલ શામિલ હોય છે. ઝકાતુલ માલની ગિન્તી પૂરા સાલની બચતમાં એક સો રૂપિયા પર અઢી રૂપિયાની થાય છે. અવામના ઝહેનમાં અને સમઝમાં એમ છે કે, જે રકમ તે અદા કરે છે તેમાં શહરૂલ્લાહના તમામ હુકૂક આવી જાય છે પણ મુમેનીન હુશિયાર અને ખબરદાર થાય કે હાલના ઝમાનમાં ઝકાતુર્રાસ યાઅની કે એક મુમિનનો ફિતરો એના ઘરમાં જમવાની ચીઝો માંથી બેહતરમાં બેહતર જેનો ઝખીરો થાતો હોય પછી તે સૂકી દરાક, ખજૂર, ચાવલ, ઘઊં, બાજરી, જુવાર વગૈરા હોય, એના એક "સાઅ" યાઅની સાડા ત્રણ કીલોને મુતાબિક જે રકમ થાતી હોય એમ અંદાઝો કરવામાં આવે છે. હવે જે શખ્સ પોતાના ફિતરા જેટલી રકમ પણ બરદાશ્ત ન કરી શકતો હોય તો એની જેટલી તાકત હોય એમ અદા કરે અને આ વાસ્તે અહલુલ બૈત (અ.સ.) થી ઘણા ઈશારાત અને બયાનો વારિદ થયેલા છે.

જે કરઝદારનું કરઝ એની મિલકીયત યા પૈસાની ઊઘરાણી યા પૂરા વરસમાં જે ફાયદો થયો હોય એનાથી ઝિયાદહ હોય અને એ કોઇ પણ હાલતમાં તે કરઝને ભરપાઇ ન કરી શકતો હોય તો એવી સૂરતે હાલમાં એ ઝકાત આપવાને લાયક ઠહેરતો નથી. આ મુજબના મસઅલાઓની તશરીહ સાહબે દાઅવત સાથે બેસીને હલ કરી શકાય છે. મુમેનીન પર લાઝિમ છે કે, જે મુલ્કમાં એ રહેતા હોય, શહરૂલ્લાહની વાજેબાત એ મુલ્કની કરન્સીમાં જ અદા કરવી જોઇએ. પૂરા એક વરસના ગુઝરા બાદ અગર એ બચત કરે તો ઝકાત અદા કરવાના કાનૂન મુજબ એને એના મુલ્કની કરન્સીમાં જ ઝકાતને અદા કરવી જોઇએ.

કિતાબ દઆઈમુલ ઈસ્લામમાં સૈ.કાઝી નોઅમાન સાહબ ઝિક્ર કરે છે કે, વલીદ બિન સબીહ એમ કહે છે કે, મને શિહાબે કહ્યું કે, "એને રાતે સપનામાં હૌલનાક અને ભયાનક ચીઝો દેખાય છે અને એ જોઇ છે કે એને એક બૈરો દોડાવે છે." એને મને આ બાબત અબુ અબ્દુલ્લાહ ઈમામ જાઅફર બિન મોહંમદ (અ.સ.) ની હઝરતમાં સવાલ કરવાનું કહ્યું. મેં તે બાબત ઈમામ (અ.સ.) ને સવાલ કીધો. આપે જવાબમાં ફરમાવું કે, આ ખ્વાબ જોનાર એવો મરદ છે કે, જે એના માલની ઝકાત અદા કરતો નહીં હોય. મેં ફૌરન શિહાબને આ જવાબથી વાકિફ કીધો. શિહાબે કહ્યું કે, "કેમ નહીં, મેં તો ઝકાતને બરાબર નીકાલું છું." મેં ઈમામને એના આ કૌલની ખબર કીધી તો આપ (અ.સ.) એ ફરમાવું કે, અગર એ મરદ ઝકાત નીકાલતો હશે તો એ તે ઝકાતને જેને આપવી જોઇએ એને નહીં આપતો હોય યાઅની ગૈર જગા અને ગૈર લોગોને આપતો હશે. મેં આ વાત શિહાબને પહોંચાવી તો એ બોલો કે, **"ઇમામે હક્કને સાચું ફરમાવું."**

કિતાબુલ્લાહમાં **"ખુઝ મિન આમ્વાલેહિમ સદકતન......"** ની આયત બાબતમાં અલ્લાહતઆલાએ રસૂલે અકરમ (સ.અ.વ.વ.) ને લોગો પાસેથી તેમના માલની ઝકાત તલબ કરવાનું ફરમાન કીધું છે. અહલે ઈસ્લામના તમામ ફિરકાઓનો આ વાત પર ઈત્તેફાક છે કે, રસૂલે અકરમ (સ.અ.વ.વ.) પર ઉપર મઝકૂર આયતના માતહત ફરમાન આવું કે, "(અય રસૂલ), એ સઘલા (મુસલમાનો) ના માલોમાંથી ઝકાત વસૂલ કરો જેના અદા કરવાના સબબ એમને પાકો સાફ કરો." તમામ મુસલેમીનનો એ વાત પર પણ એક મત છે કે યહાઁ "સદકા" નો મતલબ "ઝકાત" નો છે; અને એ વાત પર પણ સઘલા એક ઝબાન છે કે રસૂલેખુદા (સ.અ.વ.વ.) ના ઈન્તેકાલ પુરમલાલ બાદ ઝકાતના ફરીઝતને લોગો પરથી ઉચકી લેવામાં (રદ કરી દેવામાં) નથી આવી અને આપના બાદ ઝમાનાના ઈમામને ઝકાત અદા કરવી જોઇએ. આ મુજબ મુસલમાનોએ એક ઝમાના તક અમલ પણ કીધો યહાઁ તક કે એ લોગોને જોયું કે એના ઝાલિમ ઇમામો ઝકાતને પચાવી ખાય છે જેઓ અઈમ્મતે આલે મોહંમદ (સ.અ.) ના હુકૂકને ગસબ કરીને-છીનવીને એની જગા પર બેસેલા હતા અને હજી જોયું કે, એ ઝાલિમો ઝકાત ને ખુદ હઝમ કરી જાય છે તો એને મજબૂરન ઈમામ તરીકે તો માનવા લાગા પણ બની શકું વહાઁ તક એને ઝકાત આપવું બંધ કીધું. અગર એ ઝાલિમો લોગો નઝદીક ઇમામો છે તો પછી એને એનાથી પોતાની ઝકાતને રોકવી ન જોઇએ. ઈરશાદે રબ્બાની છે કે, **"લોગો પર ઝિમ્મેદારી છે કે તેઓ ઝકાતને અદા કરે અને ઇમામ પર ઝિમ્મેદારી છે કે ઝકાતને એના મુસ્તહિક્ક તરફ પહોંચાવે."** હવે લોગોમાં જે વક્ત વાઝેહ થાય કે એ ઝાલિમો જેમને ઈમામ તરીકે માને છે એ ઝકાતને એની જગા પહોંચાવતા નથી તો એ ઈમામ ન હોય શકે, તો પછી લોગો પર વાજિબ છે કે સાચા અને હકીકી ઈમામની તલાશ કરે.

**" લોગો પર ઝિમ્મેદારી છે કે તેઓ ઝકાતને અદા કરે અને ઈમામ પર ઝિમ્મેદારી છે કે ઝકાતને એના મુસ્તહિક્ક તરફ પહોંચાવે. "**

એ હક્કના ઈમામોને પોતાની ઝકાત અદા કરે જેથી એ ઈમામો લોગોના તે માલથી મદદ લે અને રાહે ખુદામાં જેહાદ કરે અને જે જે ઝાલિમોએ ઈમામે હક્કના હુકૂકને છીનવા હોય તે ઝાલિમોને હટાવે અને દીને હક્ક કાઇમ કરે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ લોગોને બયાન કરી બતાવું અને એનાથી ખબરદાર કીધા કે, "આપના ઉપર અને આપના અહલેબૈત ઉપર ઝકાતનું ખાવું હરામ છે જેથી લોગોને માઅલૂમ પડે કે, અહલે બૈત (સ.અ.) ઝકાતના અમાનતદાર છે, સબબ કે એ ઝકાતમાંથી કોઇ ચીઝ પણ તેઓ વાસ્તે હલાલ નથી." અઈમ્મતે આલે હક્ક (અ.સ.) થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ઈમામ હુસૈન (અ.સ.) ને જોયા કે જે વક્ત આપ હજી નાના બચ્ચા હતા, કમસિન હતા, આપે ઝકાતની ખજૂરના ઢગલામાંથી એક ખજૂરને મૂઁહમાં મુકી દીધી. તો આપ (સ.અ.વ.વ.) એ હુસૈન (અ.સ.) ના મૂઁહ માંથી તે ખજૂરના ટુકડાને રાલના સાથે નીકાલીને તે ખજૂરના ઢગલામાં ફેંકી અને ફરમાવું કે, **"હમારા વાસ્તે ખુસૂસન અહલે બૈત (અ.સ.) ને વાસ્તે ઝકાત માંથી ઝર્રા બરાબર પણ કોઇ ચીઝ લેવી હલાલ થાય નહીં."** ★